ફેક ડીએલએફ કંપનીના બિલ્ડિંગ પ્રોજેક્ટની ખરીદી કરવાના બહાને ચાઇનીઝ ગેંગની ઓનલાઇન છેતરપિંડી




# શાહરૂખ સાથે છેતરપિંડી કરનાર સલમાન સહિત 8 પકડાયા



**ઓલપાડના** યુવક પાસેથી 14.84 લાખ ખંખેરી લીધા હતા

**અમદાવાદ**, ગુજરાત, ઈન્દોર, ભોપાલથી તમામ આરોપીઓને ઝડપી પાડી મોટા રેકેટનો પર્દાફાશ

**પોલીસે** 14 મોબાઇલ ફોન, 47 અલગ અલગ બેંકના ક્રેડિટ કાર્ડ, 6 ડેબિટ કાર્ડ કબ્જે કર્યા

બારડોલી : સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ફેક ડીએલએફ કંપનીના અલગ અલગ બિલ્ડીંગ પ્રોજેક્ટની ખરીદી કરવાના ટાસ્ક પૂર્ણ કરવાનું જણાવી ઓલપાડ કન્યાસી ગામના વ્યક્તિ પાસેથી 14.84 લાખ રૂપિયાથી વધુની ઓનલાઈન છેતરપિંડી કરનાર ચાઈનીઝ ગેંગના 8 શખ્સોને સુરત રેન્જ સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે.

આ અંગે મળતી માહિતી અનુસાર ઓલપાડ તાલુકાના કન્યાસી ગામના મંદિર ફળિયામાં રહેતા શાહરૂખ હમીદ મન્સૂર (ઉ.વ.31) પીપોદરાની બ્રહ્માણી ફેબ નામની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તે અન્ય પાર્ટટાઈમ નોકરીની શોધખોળ કરતો હતો. આ દરમ્યાન ગત 9-10-2024ના રોજ તેમના ફેસબુક એકાઉન્ટ પર ડીએલએફ કંપનીની રજીસ્ટ્રેશન ફોર્મ ખૂલ્યું હતું. જેમાં તેમણે નામ, મોબાઈલ નંબર સહીતની વિગતો ભરી હતી. ત્યારબાદ ટેલિગ્રામ પર અજાણ્યા નંબરથી અનિકા નામથી મેસેજ આવ્યો હતો. જેણે ડીએલએફ કંપનીમાં સ્ટાફ તરીકે ઓળખ આપી જન્મતારીખ તેમજ શહેરની વિગતો માગી હતી.

અને ત્યારબાદ કંપનીની માર્કેટ રિસર્ચ, કેશબેક પ્રોગ્રામ, સ્ટે એટ હોમ પ્રોજેક્ટ, ઈંચડે પેમેન્ટ જેવા કામોમાં નોકરી માટે હાયર કરવા માટે છે તેવું જણાવ્યુ હતું. ત્યારબાદ બીજા દિવસે પ્રિયંકા કારીયા નામથી મેસેજ આવ્યો હતો અને તેમણે રોકાણ વગર 1500થી 3000 પ્રતિદિન કમાવવાની લાલચ આપી હતી. આથી તેની વાતમાં આવી શાહરુખે તેને આપેલી વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું. અને એકાઉન્ટ ખૂલતાંની સાથે દસ હજાર રૂપિયા વર્ચ્યુલિ બતાવ્યા બાદ 60 ટાસ્ક પૂરા કરવા જણાવ્યુ હતું.

ટાસ્ક પૂરા કરતાં 1071 રૂપિયા જમા હતા તે ઉપાડવા જતાં બેંકની વિગતો ભરી હતી. અને બોનસના 1000 રૂપિયા ખાતામાં જમા થયા હતા, આથી વિશ્વાસ આવી જતાં તેણે આ કામ ચાલુ રાખ્યું હતું. શાહરૂખને વિશ્વાસમાં લીધા બાદ તેને દસ હજાર રૂપિયાનું રોકાણ કરવા જણાવ્યુ હતું. ત્યારબાદ અલગ અલગ રીતે રૂપિયા ભરવાનું જણાવી મોટી રકમનું પેકેજ લીધું હતું. 50000 રૂપિયા ભરીને ટાસ્ક પૂરા કર્યા હતા. આમ વિવિધ ટાસ્કના નામે 14 લાખ 84 હજાર 934 લાખ રૂપિયા ભરી દીધા હતા. જો કે અંતે છેતરપિંડી થઈ હોવાની જાણકારી મળતા સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે સુરત રેન્જ સાઈબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવતા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સાત મહિના બાદ પોલીસે ઓનલાઈન છેતરપિંડી કરતી ટીમના આઠ સભ્યોને ઝડપી પાડ્યા છે. પોલીસે અમદાવાદ, ગુજરાત, ઈન્દોર, ભોપાલ ખાતેથી તમામ આરોપીઓને ઝડપી પાડી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે તેમની પાસેથી 14 મોબાઈલ ફોન, 47 અલગ અલગ બેંકના ક્રેડિટ કાર્ડ, 6 ડેબિટ કાર્ડ કબ્જે કર્યા હતા.

## આરોપીઓ બેંક ખાતું ભાડે લેતા હતા

મુખ્ય આરોપીઓ બેંક ખાતું ભાડે લેતા હતા. જેમાં તેમણે અમદાવાદ શહેરના અશોક અરજણભાઈ પરમાર અને મધ્યપ્રદેશના ઈન્દોરમાં રહેતા દિલિપચંદ સુમરલાલ રાવનું બેંક ખાતા ભાડેથી લીધા હતા. અશોકભાઈના આરબીએલ બેંકના ખાતામાં એક દિવસમાં 93 લાખના શંકાસ્પદ વ્યવહાર થયા હતા. એટલું નહીં દિલિપચંદના એક્સિસ બેંકના ખાતામાં પણ 12 લાખ રૂપિયાના વ્યવહાર થયા હોવાનું જણાયું હતું. પોલીસે આ બંનેની પણ ધરપકડ કરી છે.

## ભાડાના ખાતામાં રૂપિયા મેળવી તે રૂપિયાથી ક્રેડિટ કાર્ડ્સના બિલ પેમેન્ટ કરતાં

પકડાયેલા અન્ય બે માસ્ટરમાઇન્ડ આતિફ ઇસ્તિયાક અજમેરી (રહે અમદાવાદ) અને સલમાન હબીબખાન પઠાણ (રહે અમદાવાદ) સાયબર ફ્રોડ કરતી ચાઇનીઝ ગેંગ સાથે મળી યુએસડીટી (ક્રીપ્ટો)નો વેચાણ કરી એજન્ટો દ્વારા આપેલા ભાડાના ખાતામાં રૂપિયા મેળવતા અને તે રૂપિયાથી ક્રેડિટ કાર્ડ્સના બિલ પેમેન્ટ કરતાં તથા અન્ય ઓનલાઈન યુટિલિટી બિલ પેમેન્ટ વોલેટનો ઉપયોગ કરી પોતાના વોલેટમાં રૂપિયા મેળવતા હતા. આ ઉપરાંત સફવાન અબ્દુલઉફ શેખ અને અલ્તમાસ મકબૂલ શેખ (બંને રહે અમદાવાદ) પણ અન્યના ક્રેડિટ કાર્ડ ઉપરોક્ત આરોપીઓને આપતા હતા.

## બે બેંક ખાતામાં દેશના અલગ અલગ રાજ્યમાં 29 ફરિયાદ નોંધાઈ છે

નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર ચેક કરતાં અશોક પરમાર અને દિલીપચંદ રાવના બેંક ખાતાઓમાં ઓનલાઈન છેતરપિંડીના અન્ય રાજ્યોમાંથી પણ રૂપિયા જમા થયા છે. આવી કુલ 29 ફરિયાદો નોંધાયેલી છે. જેમાં આંધ્રપ્રદેશમાં 1, હરિયાણામાં 3, મધ્યપ્રદેશમાં 4, રાજસ્થાનમાં 2, તામિલનાડુમાં 5, ઉત્તરપ્રદેશમાં 5, ગોવામાં 1, કેરલમાં 2, કર્ણાટકમાં 1, મહારાષ્ટ્રમાં 2, છત્તીસગઢમાં 1 અને તેલંગાણામાં 2 ફરિયાદો નોંધાઈ છે.

## આરોપીઓની મોડસ ઓપરેન્ડી

આરોપીઓ દ્વારા ઇન્ટરનેટના માધ્યમથી વોટ્સએપ કે ટેલિગ્રામથી સંપર્ક કરી અલગ અલગ ટાસ્ક પૂરા કરાવી વધુ પૈસા કમાવવાની લોભામણી લાલચ આપવામાં આવે છે. તેમજ અલગ અલગ બેંક ખાતા ભાડે લઈ તેમાં રૂપિયા જમા કરાવડાવી તે રૂપિયાના ઓનલાઈન યુટિલિટી બિલ પેમેન્ટ વોલેટના માધ્યમથી ક્રેડિટ કાર્ડના બિલ પેમેન્ટ તથા યુએસડીટી વેચાણ કરે છે અને ચાઇનીઝ ગેંગ સાથે મળી આ છેતરપિંડી આચરવામાં આવતી હતી.

## પકડાયેલા આરોપીઓ

1. અશોક અરજણભાઈ પરમાર- અમદાવાદ
2. દિલિપચંદ સુમરલાલ રાવ- ઈન્દોર
3. અલ્તાફ હુસેન અન્સાર અહમદ શેખ - અમદાવાદ
4. કુરેશી મહમદ ફેઝલ મહમદ હસન - અમદાવાદ
5. આતિફ ઇસ્તિયાક અજમેરી - અમદાવાદ
6. સલમાન હબીબખાન પઠાણ - અમદાવાદ
7. સફવાન અબ્દુલઉફ શેખ - અમદાવાદ
8. અલ્તમાસ મકબૂલ શેખ - અમદાવાદ

# ડોલવણમાં પોક્સોનાં આરોપીઓનાં દબાણ બાદ વિદ્યાર્થિનીનો આપઘાત !

**વિદ્યાર્થિનીના** આપઘાતની ગંભીર ઘટનાની જોડતી કડી શાળામાં છેડતી પ્રકરણ સાથે જોડાઇ છતાં અકસ્માત મોતનો ગુનો નોંધાતા આશ્ચર્ય



વ્યારાઃ ડોલવણનાં આંબાપાણી ગામે વનવાસી આશ્રમ શાળામાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીની બે રસોઇયા દ્વારા છેડતીની ઘટના બાદ આજ શાળાની આમણીયા ગામની અનિશા ઉમેશ કોંકણી (ઉ.વ.૧૬)એ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યાની ચકચારી ઘટનાએ પંથકમાં ચકચાર મચાવી છે. આ બનાવ પહેલાં સાંજે આ વિદ્યાર્થિનીને તેના પરિવારજનો હોસ્ટેલમાંથી ઘરે લઈ ગયા હતાં. આ છોકરીનાં નિવેદન મામલે તેને અને તેના પરિવારજનોને ધમકાવી આરોપી તરફે નિવેદન આપવા દબાણ કરાયાની ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે, વિદ્યાર્થિનીની આપઘાતની આ ઘટનાને આશ્રમશાળાની ઘટના સાથે જોડવાને બદલે અ.મોત ઘટના નોંધી પોલીસે તપાસ ધરતાં વાલીઓમાં ભારે આક્રોષ સાથે પોલીસ કાર્યવાહી સામે આંગળી ચિંધી છે. આ લખાય છે ત્યાં સુધી છેડતી કરનાર આરોપીઓની અટક કરાઇ નથી. પોલીસ પકડથી દુર રહી ખુલ્લેઆમ ફરી રહ્યા હોય ત્યારે આરોપી રસોઈયા કહેવાય છે કે માથાભારે હોય એનકેન પ્રકારે શાળાની વિદ્યાર્થિનીઓ પર દબાણ બનાવી સમગ્ર મામલો ટલ્લે ચઢાવવા રાજનેતાઓનાં ખોળે બેસી કાવાદાવાઓ રમી રહ્યાનું જાણવા મળ્યું છે.

શિકાર નાની કુમળી વયની અન્ય વિદ્યાર્થિનીઓ બની છે કે કેમ? બંને આરોપીઓ એનકેન પ્રકારે શાળાની અન્ય વિદ્યાર્થિનીઓ પર દબાણ બનાવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. જાતિય સતામણીની કુટેવ ધરાવતા આ રસોઇયાઓ વિરૂધ્ધ વાલીઓ અને શાળાનાં કેટલાંક કર્મચારીઓએ ફરિયાદ કરી આ બંનેને કાઢી મુકવા કહ્યુ પરંતુ સંચાલકોએ કોઈ નક્કર પગલાં ભર્યા ન હતાં. હાલ તો માથાભારે તત્વો પર કોઇ સક્ષમ પગલાં નહીં ભરવાને કારણે નિર્દોષ તરુણીનો જીવ લેવાઇ ગયો છે. છેડતીની ઘટના જુની તારીખની હોવા છતાં લાંબા સમય સુધી પોલીસે ઢાંક પીછોડો કરી આરોપીઓને છાવરતી રહી હોવાનાં આરોપો થયાં છે. ત્યારે આરોપીઓની અટક ન થતાં તેઓ પોતાનાં તાબે ન થનારી છોકરીઓને ધમકાવતા હોય અંતે અહીં નિર્દોષ યુવતીને જીવ ગુમાવવાનો વારો આવ્યો હોવાની ચર્ચા છે.

## છેડતીનો ગુનો નોંધવા ૨૦ દિવસ કરતાં વધુ લાંબો સમય ખેંચાયો

વ્યારાઃ વિદ્યાર્થિનીની છેડતીનાં પ્રકરણની ખુબ જ મંદ ગતિએ તપાસ ચલાવવામાં આવી હતી. ગુનો નોંધવામાં ૨૦ દિવસ કરતાં વધું લાંબો સમય ખેંચાઇ ગયો હતો. જિલ્લા બાળ કલ્યાણ સમિતિને તા.૧૮મી જુન ૨૦૨૫નાં રોજ લેખિત ફરિયાદ થઈ હતી. ત્યારબાદ જિલ્લા પોલીસ વડાને રિપોર્ટ પણ કરાયો, ડોલવણ પીઆઇએ આગળની તપાસ કરી તા.૯/૭/૨૦૨૫નાં રોજ પોક્સો એક્ટ હેઠળનો બે રસોઇયાઓ વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો.

## જીવન સંકેલનારી દીકરીનાં પિતા અને આરોપી ધીરૂ માસીભાઇ

વ્યારાઃ ફાંસો ખાઇ જીવન સંકેલનારી દીકરીનાં પિતા અને આરોપી ધીરૂ બંને માસીભાઇ હોવાનું પોલીસે જણાવ્યુ છે. બંને આમણીયાનાં સરપંચને મળવા ઘરે ગયા ત્યારે દીકરી ટેન્શનમાં ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. જ્યારે પરિવારજનોએ આ ઘટના બાદ દીકરીએ ટેન્શનમાં આવી આપઘાત કર્યાનું રટણ કર્યુ છે.

ડોલવણ વનવાસી માધ્યમિક શાળામાં વિદ્યાર્થિનીની છેડતી કરનાર બે રસોઈયા ધીરુ અને રમેશ વિરૂદ્ધ બે દિવસ પહેલાં પોક્સો હેઠળનો ગુનો નોંધાયો હતો. વનવાસી શાળાનાં રસોઈયાએ ધો. ૧૨ની ૧૭ વર્ષિય આહવાની એક વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કરતા બંને રસોઈયા વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળનો ગુનો નોંધ્યો હતો. જોકે, શાળામાં ત્રણ વિદ્યાર્થિનીઓની છેડતી થઈ હોવાનું તપાસમાં ખુલ્યુ હોય બંને રસોઈયાઓનો હવસનો

## વિદ્યાર્થીનીઓ પાસેથી મજુરી કરાવનાર સંચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કેમ નહીં?

વ્યારાઃ રસોડામાં વિદ્યાર્થિનીઓ પાસેથી કામ લેવાતું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે ત્યારે શાળામાં ભણવા જતી વિદ્યાર્થિનીઓ પાસેથી મજુરી કરાવનાર સંચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કેમ નહીં? જો હોટલ કે અન્ય એકમોમાં નાના બાળકો પાસે મજુરી કરાવતા હોય તો પોલીસ ગુનો નોંધતી હોય છે ત્યારે આ કિસ્સામાં કેમ નહીં?

# ઓલપાડના ફાર્મ હાઉસમાંથી તસ્કરો ઓવન, મિક્ષર, સેન્ડવીચ મશીન સહિતની મત્તા ચોરી ગયા

**તસ્કરો** રૂપિયા ૭૨,૫૦૦ ની કિંમતની મત્તાની ચોરી જતા અન્ય ફાર્મ હાઉસના માલિકમાં ફફડાટ

સાયણ : ઓલપાડ તાલુકાના કરમલા ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસના મકાનમાંથી તસ્કરો ધાપ મારી કુલ રૂપિયા ૭૨,૫૦૦ મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. જેના પગલે તાલુકાની સીમમાં આવેલા ફાર્મ હાઉસના માલિકમાં ચોરોના આંતકથી ફફડાટ ફેલાયો છે.

પોલીસ સુત્રોની માહિતી મુજબ કરમલા ગામની સીમમાં બ્લોક નં.૫૪ વાળી બિનખેતીની જમીનમાં સહજાનંદ ફાર્મ આવેલું છે. આ ફાર્મમાં મુળ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના વતની કલ્પેશ જેરામભાઇ સોજીત્રા (હાલ રહે. ૪૬, ગોવર્ધન રો-હાઉસ, છાપરા ભાઠા રોડ, અમરોલી સુરત શહેર)મેનેજર તરીકે નોકરી કરે છે. તેમણે ઓલપાડ પોલીસ મથકમાં ફરીયાદ કરી છે કે, ગત શનિવાર, તા.૧૨ ની રાત્રીથી બીજા દિવસ રવિવાર, તા.૧૩ ના રોજ મોડી સાંજે ૭:૦૦ કલાકના સમય ગાળા દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરોએ સહજાનંદ ફાર્મના મકાનના રસોડાની સ્ટીલની ગ્રીલવાળી સ્લાઇડર બારીના ગ્રીલના સ્કુને કોઇ સાધન વડે ખોલી બારી દ્વારા પ્રવેશ કર્યો હતો. આ તસ્કરોએ રસોડામાં મુકેલું પીઝાનું ઓવન, મિક્ષર મશીન, સેન્ડવીચ મશીન, રસોડાના બાથરૂમ, ચોકડી તેમજ વોશ બેઝીનના કુલ નળ નંગ-૭, રસોડાના સામાન પૈકી સ્ટીલના ડબ્બાઓ- વાસણોના સેટ, અનાજ કરીયાણું, મસાલા તથા ફાર્મના ગ્રાઉન્ડ ફ્લોરના દાદર નીચે ફીટ કરેલા સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર, ફાર્મમાંથી ચાદર તથા તકીયા મળી કુલ રૂપિયા ૭૨,૫૦૦ ની કિંમતના સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા છે. જે ફરીયાદના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ એસ.એન.ચૌધરી કરી રહ્યા છે.

# સબ સલામતના દાવા! ખોલવડમાં બુટલેગર પરિવારે બેફામ બની બે યુવકને ફટકાર્યા

**સિગારેટ** પીવામાં મહિલા બુટલેગરના પુત્રએ યુવકને ગાળો આપતા ઝઘડો થયો

**ભાગી** છૂટેલા યુવકો રાત્રે બાઈક લેવા આવ્યો તો મહિલા બુટલેગર સહિત ચાર લોકોએ પકડી પાડી ઢોર માર માર્યો

કામરેજઃ ખોલવડ પાસે પેટ્રોલ પંપ રસ્તા નજીક રહેતા બે મિત્રોને ખોલવડની લિસ્ટેડ મહિલા બુટલેગર અને તેના પુત્ર સહિત ચાર લોકોએ પાઈપ તેમજ લાકડાના સપાટા માર મારી ફેક્ચર કરી દીધું હતું.

મૂળ અમદાવાદ જિલ્લાના અને હાલ કામરેજના ખોલવડ ગામે આવેલી ગુરુકુપા સોસાયટીમાં મકાન નં.229 માં વિપુલ રમણભાઈ ભોરખીયા રહે છે. બે દિવસ અગાઉ મિત્ર ભાવેશ ભોપાભાઈ ભરવાડ ખોલવડ પાસે આવેલા ચાચા પેટ્રોલ પંપ પર સોડા પીવા માટે આવ્યો હતો ત્યારે ત્યાં ખોલવડ ગામમાં રહેતી લિસ્ટેડ મહિલા બુટલેગર ફાતેમા જાવેદખાન પઠાણનો પુત્ર સાકિર ગલ્લા પર સિગારેટ પીવા માટે આવ્યો હતો. સિગારેટ પીતા પીતા ભાવેશને ગાળો બોલતા બન્ને વચ્ચે ઝઘડો થતાં લોકોએ બન્ને છૂટા પાડ્યા હતા. સાકિરે ફોન કરીને માતા ફાતેમા જાવેદખાન પઠાણ, એઝાઝ દીવાન ઉર્ફે જેકો, સેબુને ફોન કરીને બોલાવતા ભાવેશે મિત્ર વિપુલ અને ભરત ભોપાભાઈ ભરવાડને બોલાવ્યા હતા. ત્રણેયને ફાતેમાએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ત્રણેય મિત્રો બાઈક મૂકીને જતા રહ્યા હતા. મોડી રાત્રિના 1.15 કલાકે પેટ્રોલ પંપ મુકેલી બાઈક લેવા આવેલા વિપુલ અને ભાવેશ પર અચાનક જ સાકીર પઠાણ લોખંડનો પાઈપ, સેબુ, એઝાઝ હાથમાં લાકડાનો સપાટો લઈ તૂટી પડ્યા હતાં .બાદમાં ફાતેમા પણ આવી વિપુલ અને ભાવેશનો ગાળો આપી લાકડાના સપાટાથી મારવાની કોશિશ કરી હતી. ભાવેશને મોઢાના ભાગે ફેક્ચર તેમજ વિપુલને જમણા હાથે ફેક્ચર કરી નાંખતા કામરેજ પોલીસમથકમાં વિપુલે ફાતેમા, સાકીર, સેબુ, એઝાઝ સામે ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### 'લાફા કાંડ'માં AAPના ધારાસભ્યની જામીન અરજી નામંજૂર



ભરૂચ : દેડિયાપાડા AAPના ધારાસભ્ય ચૈતર વસાવાને 'લાફા કાંડ' સંબંધિત કેસમાં હજુ જેલવાસમાં રહેવું પડશે. નીચલી કોર્ટ બાદ રાજપીપળા સેસન્સ કોર્ટે પણ જામીન નામંજૂર કર્યા છે. ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય ચૈતર વસાવા પ્રાંત કચેરીમાં લાફા કાંડમાં ગત તા-5મી જુલાઇથી જેલમાં છે. તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા પોલીસ ફરિયાદ કર્યા બાદ ચૈતર વસાવા વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી અપાયા છે. સરકારી પક્ષે ચૈતર વસાવાના જામીન નામંજૂર કરવા માટે અગાઉના કેસોની રજૂઆત કરાઈ હતી. અગાઉના વર્ષ-2023 ફોરેસ્ટ વિભાગના કેસમાં શરતી જામીન મળ્યા છે અને એડિશનલ કોર્ટમાં ચાલે છે. જામીન નામંજૂર થતાં ચૈતર વસાવાએ હજુ પણ જેલવાસ ભોગવવો પડશે. જામીન અરજી માટે હવે હાઇકોર્ટનાં દરવાજા ખખડાવવા પડશે. ઉલ્લેખનીય છે કે દેડિયાપાડા AAPના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવારે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના ATVT (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠકમાં MLA ચૈતર વસાવા અને સંજય વસાવાનાં સમર્થકો વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું.

### માંડવીમાં આદિવાસી મહિલા વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરાતા પ્રાંતને આવેદનપત્ર




હિતેશ પટેલ

માંડવી : માંડવી ખાતે આદિવાસી મહિલા ચંપાબેન વસાવા માટે સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરી આદિવાસી મહિલાનું અપમાન કરવા બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું હતુ. આદિવાસી મહિલા આગેવાન ચંપાબેન વસાવા વિરુદ્ધ સોશિયલ મીડિયા દ્વારા તા- 5 જુલાઈ મંગળવારના રોજ ડેડીયાપાડા ખાતે થયેલી ઘટના અનુંસંધાને માંડવીના અરેઠ ગામના મનીષ શેઠ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ ઉપર તા.પંચાયતના પ્રમુખ ચંપાબેન વસાવા વિરુદ્ધ અશોભનીય પોસ્ટ મૂકી આદિવાસી મહિલાનું અપમાન કર્યું હતું. જેથી આદિવાસી સમાજમાં ભાગલા પાડવા તથા અપમાન કરવા મનીષ શેઠની વિરુદ્ધ આઈટી એક્ટ તથા એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરતાં તાત્કાલિક ધરપકડ કરવા આજે મહિલાઓએ રેલી કાઢી રાજ્યપાલને સંબોધીને માંડવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

# વરસાદી પાણીના નિકાલ મુદ્દે બારડોલી-કડોદ રોડની પાંચ સોસા.ને નોટિસ

**નવી** બની રહેલી સોસાયટીઓ દ્વારા પાણી નિકાલની વ્યવસ્થા નહીં કરાતા સરદાર વિલા સોસાયટીમાં પાણી ભરાયા



બારડોલીઃ બારડોલી તાલુકાની ધામડોદ-લુંભા ગ્રામ પંચાયત દ્વારા સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા માટે પાંચ સોસાયટીઓને નોટિસ આપવામાં આવી છે. નવી બની રહેલી સોસાયટીઓ દ્વારા પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવતા સરદાર વિલા સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ રહ્યું છે.

ધામડોદ લુંભા ગ્રામ પંચાયત દ્વારા કડોદ રોડ પર આવેલી શિરડીધામ, કાસાવેલી, શાન્તોસા, ડિવાઈન અને સરદાર વિલા સોસાયટીને નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા કેટલાક વર્ષથી શિરડીધામ સોસાયટી અને સરદાર વિલા સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ જાય છે. જેનો યોગ્ય નિકાલ થતો નથી. આ મુદ્દે પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા માટે નવી બની રહેલી સોસાયટીઓને જણાવવામાં આવ્યું છે. પાણી નિકાલની સુવિધા ડેવલપર્સ દ્વારા કરવાની હોય છે. પરંતુ ડેવપલર્સ દ્વારા સરદાર વિલાની લાઇનમાં જોડાણ આપી દેવામાં આવ્યું છે. જેમાં પાઈપ લાઇન પાણીના નિકાલની ક્ષમતા ઓછી છે. જેથી વરસાદી પાણીનો નિકાલ થઈ શકતો નથી. કાસાવેલી, શન્તોસા સહિતની સોસાયટીઓએ પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરી ન હોય અન્ય સોસાયટીના લોકોને વેઠવાનો વારો આવી રહ્યો છે. તમામ જોડાણ સરદાર વિલા સોસાયટીમાં કરી દેવામાં આવ્યા છે. બિલ્ડરો પણ જે કરવું હોય તે કરી લોની રહીશોને ધમકી આપતા આવ્યા છે. આથી રહીશો હેરાન થઈ ગયા છે.

## બિલ્ડરોના પાપે સરદાર વીલા અને શિરડીધામ સોસાયટીમાં પાણી ભરાય છે

નવી બની રહેલી સોસાયટીઓના બિલ્ડરોના પાપે સરદારવિલા સોસાયટી અને શિરડીધામ સોસાયટીમાં પાણી ભરાય છે. તેમ છતાં ગ્રામ પંચાયતે સરદાર વિલા અને શિરડીધામ સોસાયટીને પણ નોટિસ પાઠવી છે. નવી સોસાયટીઓના બાંધકામ દરમ્યાન પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોય સ્ટેટ હાઈવે પર પણ પાણી ફરી વળે છે. જે બિલ્ડરો હાલ બાંધકામ કરી રહ્યા છે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઉઠી છે.

# જીવનસાથી ડોટ કોમ પરથી સંપર્ક કરી યુવાને શરીર સંબંધ બાંધી વિધવાને તરછોડી

**શેખપુરની** મહિલાના સંપર્કમાં આવી તેના ઘરે જ રહી લગ્નની લાલચે ભોગવી રૂપિયા પણ પડાવી લીધા

કામરેજ : શેખપુરની એક સંતાનની માતાને જીવનસાથી ડોટ કોમ પરથી મહારાષ્ટના ઈસમે સંપર્ક કરી શરીર સંબંધ બાંધી બાઈક લઈને ભાગી જતા ફરિયાદ નોંધાવી હતી.

રાજસ્થાનના વતની અને શેખપુર રહેતી એક સંતાનની માતા રેખા (નામ બદલ્યુ છે)ના પતિ સાથે છુટાછેડા થઈ ગયા હતા. બાદમાં જીવનસાથી ડોટ કોમ પરથી વિપુલ પટેલ (રહે.શહાદા) ની સાથે સંપર્ક થતા વિપુલ રેખાને મળવા આવ્યો હતો. અને ઘરે વાતચીત કરી નવી પારડીની હોટલમાં જમવા માટે ગયા હતાં. બંનેએ વાતચીત દરમિયાન લગ્ન કરવાનુ નક્કી કર્યું હતું. બાદમાં 9-4-25 ના રોજ વિપુલે રેખાને લીવ ઈન રીલેશનશીપમાં રહી એકબીજાને જાણીએ પછી લગ્ન કરી લઈશું તેમ કહીને રેખાના ઘરે રહેવા લાગ્યો હતો. રેખા સાથે વિપુલ શરીર સંબંધ બાંધતો અને લગ્ન કરવાની વાત ટાળી દેતો હતો. જમીનનું કામકાજ છે અને રૂપિયાની જરૂર છે તેમ કહીને સોનાની ત્રણ વીંટી સોનીને ત્યાં ગીરવે મુકી રૂપિયા 60000 લઈને રૂપિયા 4500 રેખાને આપ્યા હતાં. બાદમાં રેખાનો પુત્ર ફરવા માટે ગયો ત્યારે વિપુલ પરિણીતાના ઘરે સાત દિવસ રોકાઈને વારંવાર શરીર સંબંધ બાધ્યો હતો. ચાર દિવસ અગાઉ રેખાએ બાઈક લાવી તારે પાર્ટી આપવી પડશે તેમ કહીને રેખા પાસે રૂપિયા લઈને દારૂનો નશો કરીને આવીને શરીર સંબંધ બાંધી બીજા દિવસે શરીર સંબંધ બાધવા બાબતે બંને વચ્ચે માથાકુટ કરી ઝઘડો કરતા રેખાએ પુત્રને બોલવતા પુત્રને વિપુલે થપ્પડ મારી દીધી હતી. અને રેખાની નવી બાઈક લઈને વિપુલ જતો રહ્યો હતો. જેને લઈને રેખાએ કામરેજ પોલીસ મથકમાં વિપુલ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી.